સને ૨૦૧૭-૧૮
મહેસૂલ
બિન-આદિવાસી

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.
લોક જાગૃતિ વધારવા માટે સફારી પાર્કની સ્થાપના.
વિભાગ-૧ (નવી બાબત)

PRI. C. C. F. & H. O. F. F.
G. S. GANDHINAGAR
19 APR 2017
INWARD NO. 156
Branch WL

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવક્રમાંકઃવપસ/૧૧૧૭/૨૭/ડબલ્યુ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૫/૦૪/૨૦૧૭

વંચાણેલીધાઃ-

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના પત્રક્રમાંકઃ વપસ/૨૫/અ/૨૫૪૭-૪૮/૨૦૧૬-૧૭, તા.૧૪/૦૩/૨૦૧૭.

## ઠ રા વ

સને ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે કુલ રૂપિયા ૪૦૦.૦૦લાખ (અંકે રૂપિયા ચારસો લાખ પુરા) ની જોગવાઈ કરવામાં આવી છે. આમુખ ક્રમાંક:(૧) માં દર્શાવેલ તા.૧૪/૦૩/૨૦૧૭ના પત્રથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરની કચેરીએ વિભાગ-૧ નવી બાબતની જોગવાઇ રૂપિયા ૪૦૦.૦૦ લાખ ની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૧૪/૦૩/૨૦૧૭ના પત્રમાં જણાવેલ આ યોજના હેઠળના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન કુલ રૂપિયા ૪૦૦.૦૦લાખ (અંકે રૂપિયા ચારસો લાખ પુરા) ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે ચાલુ નાણાંકીય વર્ષ માટે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂપિયા ૦૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂપિયા ૪૦૦.૦૦ લાખ |
| કુલ | : | રૂપિયા ૪૦૦.૦૦ લાખ |

૩. આ અંગે હાથ ધરવામાં આવર્તક તથા અનાવર્તક કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીની વિગત | કુલ રકમ (લાખ માં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | <u>માંડવી તાલુકામાં ખોડમ્બા ખાતે લેપર્ડ પાર્ક બનાવવાની કામગીરી</u> સ્થળ પસંદગી, ફેન્સીંગ,પાણીની વ્યવસ્થા,રસ્તા, ફીડીંગ એન્કલોઝર વાહન સુવિધા સહિતની જરૂરી કામગીરી | ૨૦૦.૦૦ |
| ૨ | <u>ડાંગ જિલ્લામાં વઘઈ ખાતે લેપર્ડ પાર્ક બનાવવાની કામગીરી</u> સ્થળ પસંદગી, ફેન્સીંગ,પાણીની વ્યવસ્થા, રસ્તા, ફીડીંગ એન્કલોઝર વાહન સુવિધા સહિતની જરૂરી કામગીરી | ૨૦૦.૦૦ |
| | Total | ૪૦૦.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૭-૧૮ ના નાણાંકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) વિભાગે રજુ કરેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૭ પછીથી જ કરી શકાશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ વિભાગ દ્વારા જે જે હેતુઓ માટે જેટલી જેટલી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે અને યોજના માટેના જે તે સદરે ઉધારવાનો રહેશે. આ અંગે કોઇપણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરી શકાશે નહીં.તેમજ રાજ્યસરકાર ઉપર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઇ ખર્ચ કરી શકાશે નહિ.

(૧૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્રક્રમાંકઃ ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ.૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ.૧ તથા

તા.૦૯/૦૯/૯૮ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ.૧, અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) સદરહુ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિવિઝનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચ ની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

(૧૨) સને ૨૦૧૭-૧૮ના વર્ષના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.વર્ષને અંતે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્યસરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણોને આધિન/નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૪) બાંધકામ યોજના માટે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના S.O.R. મુજબનકશા/અંદાજો સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૫) પ્રસ્તુતકામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે'ઇ' ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) કેન્દ્ર સરકાર દ્વારા છૂટી કરાયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૯) આ અંગેની મંજુરીના વિધિવત હુકમો વન અને પર્યાવરણ વિભાગની ૨૦૧૭-૧૮ના વર્ષની માંગણીઓ માન.વિધાનસભા ગૃહમાં રજુ તેમજ પસાર થયા બાદ જ કરી શકાશે.

(૨૦) યોજનાનું આઈટમવાર આયોજન આખરી થયેથી વહીવટી વિભાગની મંજુરી મેળવી કામગીરી ચાલુ કરવાની રહેશે.

(૨૧) ફેન્સીંગ, પાણીની વ્યવસ્થા વગેરે પ્રકારના નાનાં કામો(Minor works) બાબતમાં તે અંગેની પ્રવર્તમાન સૂચનાઓ અનુસરીને ખર્ચ કરવાનો રહેશે.

(૨૨) વાહન સુવિધા અંગેનો ખર્ચ કરતી વખતે આઉટસોર્સિંગની તે અંગેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨૩) યોજનાની ત્રિમાસિક ધોરણો ખાતાના વડા કક્ષાએ સમીક્ષા કરી વહીવટી વિભાગને પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૭-૧૮ વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૨૬ |
| સેકટર | (ગ) આર્થિકસેવાઓ |
| સબ સેકટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | ૨૪૦૬-વનનિર્માણ અને વન્યપ્રાણીજીવન અંગે મૂડી ખર્ચજોગવાઈ |
| પેટા મુખ્યસદર | ૦૨-પર્યાવરણલક્ષી વનનિર્માણ અને વન્યપ્રાણીજીવન |
| ગૌણસદર | ૧૧૦-વન્યપ્રાણી જીવન |
| પેટા સદર | (૨૬) લોક જાગૃતિ વધારવા માટે સફારી પાર્કની સ્થાપના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાસલાહકારશ્રી (વન) તેમજ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અનુક્રમે તા.૭/૪/૨૦૧૭ તેમજ તા.૮/૪/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જી. સાગર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી (વન્યપ્રાણી),ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય વન સંરક્ષકશ્રી, પી.પી.એમ.ઇ., ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની બજેટ શાખા
- નાણાં વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન) બ્લોકનં.૯, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ (બ્રાન્ચકલેકશન)
- સંબંધિત નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણવિભાગ --IWDMS પર મૂકવા માટે.